# આત્મધર્મ

માસિક : વર્ષ-૧ * અંક-૧૨ * ઓગસ્ટ, ૨૦૦૭



પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન

## (૯૪મી જન્મજયંતી વિશેષાંક)

**આત્મા સદાય બેહદ જ્ઞાન–સમતાનો સમુદ્ર છે, પર ચીજને જાણું છું એમ કહેવું વ્યવહારમાત્ર છે, ખરેખર પોતે પોતાના જ્ઞાનની સ્વચ્છતાને પોતાનામાં જાણે–દેખે છે.**

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*
*(રાજકોટ, તા. ૧-૧૨-૧૯૩૯)*

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ યે ઈન્દ્રિયોંકે ભોગ અસાર અર્થાત્ સાર રહિત તુચ્છ ઝીર્ણ તૃણકે સમાન હૈં, ભયકો પૈદા કરનેવાલે હૈં, આકુલતામય કષ્ટકો કરનેવાલે હૈં વ સદા હી નાશ હોનેવાલે હૈં, દુર્ગતિમેં જન્મ કરાકર ક્લેશકો પૈદા કરનેવાલે હૈં તથા વિદ્વાનોંકે દ્વારા નિંદનીક હૈ, ઈસ તરહ વિચાર કરતે હુએ ભી મેરી બુદ્ધિ, ખેદકી બાત હૈ કિ ભોગોંસે નહીં હટતી હૈ તબ મૈં બુદ્ધિ રહિત કિસકો પૂછું, કિસકા સહારા લૂં, કૌનસી તદબીર કરું? ૯૯૨.

*(શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૧૪)*

❀ પરદ્રવ્યકા પ્રસંગ મહાન દુઃખરૂપ હૈ, યહ કથન દ્રષ્ટાંતસે સિદ્ધ કરતે હૈં. દુષ્ટોંકે સાથ જિનકા સંબંધ હૈ ઉન વિવેકી જીવોંકે ભી સત્ય શીલાદિ ગુણ નષ્ટ હો જાતે હૈં, જૈસે આગ લોહેસે મિલ જાતી હૈ તભી ઘનોંસે પીટી-કૂટી જાતી હૈ. ૯૯૩.

*(શ્રી યોગીન્દુદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.-૨, ગાથા-૧૧૦)*

❀ (સમ્યગ્દર્શન થયા પછી) પોતે જ્ઞાયક અને પોતે જ્ઞેયરૂપ થઈ, પોતાના આત્મા સિવાય સર્વ પરદ્રવ્યોથી પોતાનો ઉપયોગ હઠાવી, પોતાના જ્ઞાતા-દ્રષ્ટારૂપ આત્મસ્વરૂપમાં જ એકરૂપ થઈ આત્માને પોતાના ઉપયોગનો વિષય બનાવવો, અથવા રાગ-દ્વેષને હઠાવી, સમભાવ પ્રાપ્ત કરી, મધ્યસ્થ ભાવરૂપ આત્મામાં લીન થઈ, ઉપયોગની પ્રવૃત્તિમાં સમાઈ જવું એવું જેનું પ્રયોજન છે તે સામાયિક છે. ૯૯૪. *(શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતદેવ, ગોમ્મટસાર, જીવકાંડ)*

❀ પરજીવોને હું દુઃખી તથા સુખી કરું છું અને પરજીવો મને દુઃખી તથા સુખી કરે છે એવો અધ્યવસાય ધ્રુવપણે અજ્ઞાન છે. તે અધ્યવસાય જેને છે તે જીવ અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદૃષ્ટિ છે; અને જેને તે અધ્યવસાય નથી તે જીવ જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દૃષ્ટિ છે. ૯૯૫.

*(શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ, સમયસાર-ટીકા, ગાથા-૨૫૩)*

❀ તું લોક સમાન મૂઢ થઈ દેખવામાં આવતા (શરીરાદિ) પર પદાર્થનો ઉપકાર કરે છે. (હવે) તું પરના ઉપકારની ઈચ્છા છોડી દઈ પોતાના ઉપકારમાં તત્પર થા. ૯૯૬.

(શ્રી પૂજ્યપાદસ્વામી, ઈષ્ટોપદેશ, ગાથા-૩૨)

❀ ખરેખર જેમ જળ લોહીને સારી રીતે ધૂએ છે (સાફ કરે છે) તેમ ગૃહત્યાગી અતિથિજનોને આપેલું યથાયોગ્ય આહારાદિ દાન, ગૃહકાર્યથી સંચિત કરેલાં પાપોનો પણ ખરેખર નાશ કરે છે. ૯૯૭. *(શ્રી સમંતભદ્રસ્વામી, રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક-૧૧૪)*

❋

વર્ષ-૧
અંક-૧૨




સંવત
૨૦૬૩
August
A.D. 2007

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

[પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ૯૪મી જન્મજયંતી પ્રસંગે]

*પૂજ્ય ગુરુદેવશ્રીનાં અંતર્મંથનના ઉલ્લાસપૂર્ણ ઉદ્‌ગારો :*

# વ્યવસ્થિતપણે પરિણમે અને વ્યવસ્થિતપણે જાણે તે આત્મા

આ આત્મા છે તે જ્ઞાનસ્વરૂપ છે અને જ્ઞાનની પર્યાયો મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યય-કેવલ્ય—પાંચ પ્રકારની છે. કેવળજ્ઞાનનો એક સમયનો પર્યાય, પોતાના અનંતાગુણોની પર્યાય અને પોતાની પણ પર્યાય જે સમયે સમયે વ્યવસ્થિત છે તે થવાનો છે અને અનંતકાળ થાય છે તેને એટલે કે કેવળજ્ઞાનનો પર્યાય, પોતાના ગુણોની પર્યાય અને જ્ઞાનની પર્યાયનું વ્યવસ્થિતપણું અને બીજા દ્રવ્યોની જે સમય સમયની પર્યાય છે તેને બરાબર વ્યવસ્થિતપણે જાણે છે. મતિજ્ઞાન પણ તે રીતે જ વ્યવસ્થિત જાણે–અલ્પ ઓછું જાણે એ અત્યારે પ્રશ્ન નથી. શ્રુતજ્ઞાન પણ એ રીતે જ જાણે. જ્ઞાનનો વ્યવસ્થિત જાણવાનો ને સામે વ્યવસ્થિત પર્યાય વ્યવહારે છે તેનું જ્ઞાન કરવાનો તેનો સ્વભાવ છે.

શ્રુતજ્ઞાનનો પણ પોતાની અનંતા ગુણોની ને પોતાની પણ પર્યાય વ્યવસ્થિત થાય તેને જાણવાનો સ્વભાવ છે. પરની પણ વ્યવસ્થિત જે પર્યાય થાય તે પર્યાયનો એનો જાણવાનો સ્વભાવ છે.

અવધિજ્ઞાન પણ પોતે પોતાની વ્યવસ્થિત જે પર્યાય સમયે સમયે થાય તેને જાણવાનો અને રૂપી આદિ પર્યાય એને યોગ્ય છે તેને પણ જાણવાનો સ્વભાવ છે. એમ, મનઃપર્યયજ્ઞાન પોતાની વ્યવસ્થિત પર્યાય, સામાની પણ એને યોગ્ય જેટલી જાણવાની યોગ્યતા છે તેની વ્યવસ્થિત પર્યાયને જાણવાનો સ્વભાવ છે.

હવે ઈ બધી કેવળજ્ઞાનાદિ પર્યાયનો સ્વભાવ પોતાને ને પરને જેમ છે તેમ જાણવું—એમાં કેમ છે ને કેમ કરવું—એ વસ્તુનો સ્વભાવ નથી. આવી પર્યાય એક ગુણમાં અનંત પડી છે. મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યય ને કેવલ્યની જે અનંત પર્યાય છે તે જ્ઞાનગુણમાં અનંત-અનંતપણે રહી છે ને આવા જ્ઞાનગુણનો ધરનાર આત્મા છે. તેથી વસ્તુનું સ્વરૂપ વ્યવસ્થિત પોતે પોતાને ને પરને જાણે એવો જ એનો સ્વભાવ થયો—એક સમયનો નહીં પણ આખો ત્રિકાળી સ્વભાવ. વસ્તુ જ આવી છે.

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ જે કહ્યું તેનો અર્થ જ થયો કે જ્યાં જ્ઞાનનો નિશ્ચય કર્યો એટલે પોતાની પર્યાય–મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યય એ પણ વ્યવસ્થિત થાય તેને તે જાણે અને બીજા ગુણોની પર્યાય પણ ક્રમસર થાય—ક્રમવર્તી તેને જાણે. એને જાણવા યોગ્ય જે સામે દ્રવ્ય છે તેની પર્યાયને પણ એ રીતે જાણે.

એક પર્યાયને, એવી ત્રણકાળની પર્યાયને કે એક સર્વજ્ઞ–સાદિ અનંતની કેવળજ્ઞાનની પર્યાય એને પણ જાણે અને સામી અવસ્થા જે અનંત દ્રવ્યોની થાય તે જાણે. એવી અવસ્થાનો આખો પિંડ તે જ્ઞાનગુણ; તે ગુણમાં સ્વપરનું વ્યવસ્થિત જાણવું એવું જ એનું સામર્થ્ય છે. આવા સ્વભાવવંત આત્માને ન માને ને બીજી રીતે માને તો આત્મા જ એણે માન્યો નથી.

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે એટલે કે એનો કોઈ પણ પર્યાય પણ વ્યવસ્થિતપણે પરિણમે અને વ્યવસ્થિતપણે બીજાને જાણે એનું નામ જ્ઞાનગુણ! વસ્તુ જ આવી છે, એમાં વિકલ્પને અવકાશ જ નથી. આમ કેમ? પરમાં કે મારામાં આમ કેમ?—ઈ આમ કેમ?—તો વ્યવસ્થિત જાણવાનો સ્વભાવ તેમાં આમ કેમ એ વિકલ્પ જ ન હોય.

આત્માને જ્ઞાન કહ્યું છે ને! જ્ઞાન તે આત્મા કહ્યું છે ને! તે ઉપરથી વિચારધારા ચાલી કે જ્ઞાન તે આત્મા એટલે કે જ્ઞાન તો જાણે તે આત્મા એટલે કે જ્ઞાનની જે પાંચ પર્યાય છે તે દરેક જાણે...જાણે...તે આત્મા. જ્ઞાનમાં જાણવું છે, કાંઈ ફેરવવું કોઈનું કે પોતાનું ફેરવવું એમેય એને નથી.

જે સમયે જે ક્ષેત્રે જે પ્રકારે જે પર્યાય થવાની એને ફેરફાર કરે કોણ? એ જ્ઞાનનો તો સ્વભાવ જ એવો છે; એટલે કે એના પર્યાયનો સ્વભાવ એવો, એના ગુણનો સ્વભાવ એવો, એ દ્રવ્યનો સ્વભાવ એવો. એવો જ એનો સ્વભાવ છે એમ નિર્વિકલ્પપણે જ્યાં જ્ઞાનનો નિશ્ચય અનુભવ થયો ત્યાં જાણવાનું જ બાકી રહી ગયું; કાંઈ બીજું છે જ નહીં એને!

રાગ આવે એનેય જાણે, કરે નહીં, એ દ્રવ્યનો સ્વભાવ એવો છે. જ્ઞાન તે આત્મા એમ કહો તો તો જ્ઞાન આત્મા ને જ્ઞાનની પર્યાય તે પણ આત્મા એમ થયું ને! પર્યાય તે પર્યાયવાનની એટલે પર્યાય–પર્યાયવાન એક છે, ગુણ ને ગુણી એક છે, અભેદ છે. એ

જાણનાર....જાણનાર! જે જાણવાની દશાનું જ્ઞાન અને જે જાણે તે વ્યવસ્થિત પરની પર્યાયનું જ્ઞાન...બસ એ બધું જાણવું જ એના પિંડમાં પડ્યું છે! આત્માના પિંડમાં એટલે કે એનું શરીર જ એવું છે શરીર એટલે કે આત્મપિંડ-ચૈતન્યશરીર જ એવું છે.

સ્વપરની જેવી વ્યવસ્થિત પર્યાય છે તેવું તેને તે પ્રકારે છે તે જાણવું. એ જાણવું દ્રવ્યમાં, ગુણમાં ને પર્યાયમાં—ત્રણેમાં વ્યાપેલું છે. આ રીતે આત્માને જો માને તો એણે આત્મા માન્યો કહેવાય. બીજી રીતે આત્મા માને તો આત્માની એ સ્થિતિ નથી. એથી વિપરીત માને તો એણે આત્મા માન્યો નથી.

અંદર તો ઘણી ગંભીરતા આવતી હતી પણ ભાષામાં આવવી જોવેને?-હદ પ્રમાણે આવે!

ઓહો! આત્મા એકલો ચૈતન્યગોળો! એ જ્ઞાન દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપેલું છે, તે વ્યવસ્થિત પોતાને, બીજા ગુણોને, બીજા દ્રવ્યોને એ રીતે જાણવાના સ્વભાવવાળું છે એમ જાણવું. આ રીતે એને અનુભવમાં આવે એણે આત્મા જાણ્યો ને માન્યો કહેવાય.

ભગવાન આત્મા એટલે ચૈતન્યસૂર્ય એટલે કે સ્વપરને જાણવાના સ્વભાવથી ભરેલું તત્ત્વ. એની પર્યાયમાંય એ સ્વભાવ. એથી એવું સ્વરૂપ નિશ્ચયમાં આવ્યું કે સ્વપરપ્રકાશક સ્વભાવથી ભરેલું અને વ્યવસ્થિત પોતાની અને બીજા ગુણોની ને બીજા દ્રવ્યોની પર્યાયને જાણવું જ એટલું એનું સ્વરૂપ છે. એ જાણવું એને આત્મા કહે છે. એ જાણવાનું કર્યું એ જ એણે કર્યું, એ ક્રિયા.

પછી આનાથી આમ થયું ને આનાથી આમ થયું એ વસ્તુમાં રહેતું નથી. એના જ્ઞાનગુણનો ગુણ-સ્વભાવ એવો છે કે બસ જાણવું. એનો નાનો પર્યાય મતિનો હોય તોય જાણવું; એમાંય વ્યવસ્થિત જાણે છે, ઓછું વધુનો પ્રશ્ન નથી. શ્રુત પણ એમ જ જાણે, કારણ કે એના ગુણમાં સ્વપરને વ્યવસ્થિત જાણવાનો સ્વભાવ છે માટે એની પર્યાયમાં પણ સ્વપરને જાણવાની પર્યાયને વ્યવસ્થિત જાણે જ છે બસ!

કેવળજ્ઞાનની પર્યાય તો સાદિ-અનંત રહે. મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યય ઈ તો બહુ અલ્પ પર્યાય છે; અલ્પ એટલે બહું જ થોડો કાળ રહેવાની છે અને કેવલ્યપર્યાય તો એથી અનંતગુણી રહેવાની છે. એ કેવલ્યની પરિપૂર્ણતામાં પોતાનું ને પરનું-સ્વ-પરનું વ્યવસ્થિત જાણવું એવો જ એનો સ્વભાવ છે. એટલે આખા ગુણનો જ એવો સ્વભાવ છે.

આવું જેને જ્ઞાન છે તેને સુશાસ્ત્રનું જ્ઞાન કહેવામાં આવે છે; એનાથી વિરુદ્ધ છે તેને સામા શાસ્ત્ર સાચા હોય તોપણ તેને કુશાસ્ત્રનું જ્ઞાન છે તેમ કહેવામાં આવે છે.

[તા. ૨૭-૧-૬૬]

* * *

# કારણશુદ્ધપર્યાય

## શુદ્ધકારણના આશ્રયે થતું સાદિ-અનંત મંગળરૂપ કાર્ય

[શ્રી 'નિયમસાર' ગાથા-૧૦ તથા તેની ટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

(સળંગ પ્રવચન નં. ૫)

જુઓ! એક બીજી વાત. જેમ સિદ્ધપર્યાય જગતમાં સામાન્યપણે અનાદિ-અનંત છે; સાધકપર્યાય પણ જગતમાં અનાદિ-અનંત છે ને સંસારપર્યાય પણ જગતમાં અનાદિ-અનંત છે; તેમ કારણશુદ્ધપર્યાય એકેક જીવને સદૃશપણે અનાદિ-અનંત છે, તેનો કદી જીવને વિરહ નથી.

સિદ્ધદશા સામાન્યપણે જગતમાં અનાદિ-અનંત હોવા છતાં એક જીવની અપેક્ષાએ તે નવી પ્રગટે છે, તેમ આ કારણશુદ્ધપર્યાય કાંઈ નવી પ્રગટતી નથી; તેનું ભાન કરનાર જીવને સમ્યગ્દર્શનાદિ કાર્ય નવું પ્રગટ છે.

(૧) જેમ સિદ્ધપર્યાય સામાન્યપણે જગતમાં અનાદિ-અનંત છે. જગતમાં પહેલાં સિદ્ધદશા ન હતી ને પહેલીવહેલી નવી શરૂ થઈ-એમ નથી. એક જીવની અપેક્ષાએ સિદ્ધદશા નવી શરૂ થાય છે, તેથી સાદિ-અનંત છે પણ જગતમાં કાંઈ સિદ્ધદશાની નવી શરૂઆત થઈ નથી. 'પહેલાં સિદ્ધ કોણ?'—તેનો ઉત્તર એ છે કે : જગતમાં સિદ્ધ અનાદિથી જ છે. એટલે સામાન્યપણે સિદ્ધપર્યાય જગતમાં અનાદિ-અનંત છે.

(૨) જેમ સિદ્ધપર્યાય જગતમાં અનાદિ-અનંત છે, તેમ તેના સાધનરૂપ મોક્ષમાર્ગ પણ જગતમાં અનાદિ-અનંત છે. એક વ્યક્તિની અપેક્ષાએ જુઓ તો મોક્ષમાર્ગની શરૂઆત નવી થાય છે ને તેનો અંત પણ આવી જાય છે એટલે કે સાદિ-સાંત છે; પણ જગતમાં તો મોક્ષમાર્ગ સાધનારા જીવો અનાદિકાળથી થતા જ આવે છે ને અનંતકાળ પણ થયા જ કરશે, એટલે સામાન્યપણે મોક્ષમાર્ગ (સાધકપર્યાય) જગતમાં અનાદિ-અનંત છે, તેનો કદી અભાવ નથી.

(૩) વળી એ જ રીતે સામાન્યપણે સંસારપર્યાય પણ જગતમાં અનાદિ-અનંત છે, વસ્તુસ્વરૂપ નક્કી કરનારને પોતામાં સંસારનો છેડો આવી જાય ને પોતાની સાધકદશા કે સિદ્ધદશા નવી શરૂ થાય એટલે વ્યક્તિગતરૂપે સંસારપર્યાય 'અનાદિ-સાંત' છે; પણ

જગતમાં તો સંસારપર્યાયવાળા જીવો અનાદિ-અનંત રહેવાનાં જ છે.

—આ રીતે મોક્ષ, મોક્ષમાર્ગ ને સંસાર એ ત્રણે પ્રકારની પર્યાયો જગતમાં સામાન્યપણે અનાદિ-અનંત વર્તે છે.

હવે, આપણે તો અહીં કારણશુદ્ધપર્યાયનું અનાદિ-અનંતપણું બતાવવું છે.

(૪) જેમ મોક્ષ, મોક્ષમાર્ગ ને સંસાર એ ત્રણે વિશેષ પર્યાયો જગતમાં સામાન્યપણે અનાદિ-અનંત વર્તે છે, તેમ આ 'કારણશુદ્ધપર્યાય' એકેક જીવમાં અનાદિ-અનંત વર્તે છે અને સંસાર-મોક્ષરૂપ 'વિશેષ' પર્યાયોની અપેક્ષાએ તે 'સામાન્ય' છે તથા તે દરેક જીવમાં અનાદિ-અનંત 'સદૃશપણે' વર્તે છે.

☞ જગતમાં જીવવસ્તુ અનાદિ-અનંત.

☞ તેનો ચૈતન્યગુણ અનાદિ-અનંત.

☞ શુદ્ધ સિદ્ધપર્યાય સામાન્યપણે (સર્વજીવોની અપેક્ષાએ) અનાદિ-અનંત.

☞ સાધકપર્યાય સામાન્યપણે અનાદિ-અનંત.

☞ સંસારપર્યાય સામાન્યપણે અનાદિ-અનંત.

☞ તેમ આ કારણશુદ્ધપરિણતિ એકેક જીવમાં અનાદિ-અનંત છે.

સિદ્ધપરિણતિ જગતમાં અનાદિ-અનંત પ્રગટ છે. ત્યારે કારણશુદ્ધપરિણતિ એકેક જીવમાં અનાદિ-અનંત રહેલી છે.

આત્માના પરમસ્વભાવની અપેક્ષાએ તે (કારણશુદ્ધપરિણતિ) વિશેષપરિણતિ છે પણ ઔદયિકાદિ ચાર ભાવોની અપેક્ષાએ તે સામાન્ય છે.

એક તરફ જુઓ તો જગતમાં સિદ્ધ, સાધક અને સંસાર પર્યાયો અનાદિ-અનંત વર્તી જ રહી છે; ત્યારે બીજી તરફ જુઓ તો આત્મામાં શુદ્ધદ્રવ્ય, શુદ્ધગુણ ને શુદ્ધપરિણતિ (કારણશુદ્ધપર્યાય) ત્રણે અભેદપણે અનાદિ-અનંત વર્તી જ રહી છે.

જગતમાં સિદ્ધદશારૂપી શુદ્ધકાર્ય અનાદિ-અનંત છે; તો તે શુદ્ધકાર્યનું શુદ્ધકારણ પણ દરેક જીવમાં અનાદિ-અનંત રહેલું જ છે. તે કારણની શુદ્ધતાનું ભાન કરતાં તેના આશ્રયે સાધકદશા અને સિદ્ધદશારૂપી નિર્મળકાર્ય પ્રગટી જાય છે.

વ્યક્તિ-અપેક્ષાએ અર્થાત્ એક મોક્ષગામી જીવની અપેક્ષાએ : સંસાર-પર્યાય અનાદિ-સાંત છે; મોક્ષમાર્ગ-પર્યાય સાદિ-સાંત છે અને મોક્ષ-પર્યાય સાદિ-અનંત છે.—

એમ પર્યાયના ત્રણ પ્રકારો પડે છે પણ સામાન્યપણે એટલે કે સર્વ જીવોની અપેક્ષાએ તો એ ત્રણે પ્રકારની પર્યાયો જગતમાં અનાદિ–અનંત છે.

—આ રીતે કાર્યપર્યાયોનું અનાદિ–અનંતપણું છે; તો તેની સાથે કારણશુદ્ધપર્યાયનું પણ અનાદિ–અનંતપણું એકેક જીવમાં છે તે અહીં બતાવવું છે.

'કારણ' તો સદાય શુદ્ધપણે વર્તે છે પણ તે કારણનું અવલંબન લઈને જ્યાં શુદ્ધકાર્ય થયું ત્યાં ખબર પડી કે : અહો! મારું કારણ તો આ છે! કારણનું અવલંબન લેનાર જાગ્યો એટલે કે કાર્ય પ્રગટ્યું ત્યારે કારણના મહિમાની ખબર પડી અને તેણે કારણ સાથે કાર્યની અપૂર્વ સંધિ કરી.

'કારણ-અપેક્ષાએ શુદ્ધતા' તો વ્યક્તિદીઠ અનાદિ–અનંત વર્તે છે પણ 'કાર્યમાં શુદ્ધતા' નવી કરવાની છે. જગતમાં સામાન્યપણે શુદ્ધકાર્ય અનાદિ–અનંત વર્તે છે પણ વ્યક્તિ-અપેક્ષાએ પોતાને શુદ્ધકાર્ય નવું કરવાનું છે. 'કાર્ય' તો નવું કરવાનું છે એટલે એકેક જીવમાં તે અનાદિ–અનંત ન હોય. જો કાર્ય અનાદિ–અનંત શુદ્ધ હોય, તો પછી કરવાનું શું રહ્યું? 'કારણ' સદાય શુદ્ધ છે, તેનું ભાન કરીને, તેના આશ્રયે શુદ્ધકાર્ય (સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર) પ્રગટ કરવું, તે મોક્ષમાર્ગ છે.

'નિયમસાર' તો શુદ્ધપર્યાય છે. તે પર્યાયની સામે શુદ્ધકારણ તરીકે અહીં કારણશુદ્ધપર્યાય બતાવવી છે. 'નિયમ' કહેતાં મોક્ષમાર્ગરૂપી કાર્ય, તેનું સાક્ષાત્–સીધું–નજીકનું કારણ કોણ?—તે અહીં બતાવવું છે.

☞ જગતમાં સૌથી પહેલાં મોક્ષ ક્યો જીવ પામ્યો?—મોક્ષ અનાદિથી જ જગતમાં છે.

☞ સૌથી પહેલાં મોક્ષમાર્ગ કોણે સાધ્યો?—મોક્ષમાર્ગ જગતમાં અનાદિથી જ છે.

☞ સંસારમાં સૌથી પહેલો ભવ ક્યો?—સંસાર અનાદિથી જ છે.

—એ ત્રણે પ્રકાર સામાન્યપણે જેમ અનાદિ–અનંત છે; તેમ દ્રવ્ય–ગુણની ત્રિકાળી શક્તિ સાથે તેના સદૃશ વર્તમાનરૂપ કારણશુદ્ધપરિણતિ પણ અનાદિ–અનંત સામાન્યરૂપ છે.

જેમ ઉપરના ત્રણ બોલ (મોક્ષ, મોક્ષમાર્ગ અને સંસાર) 'સામાન્ય' લીધા, તેમ અહીં દ્રવ્ય, ગુણ અને તેની કારણશુદ્ધપરિણતિ—એ ત્રણે અભેદપણે અનાદિ–અનંત 'સામાન્ય' એકરૂપ છે.

આમાં ફેર એટલો છે કે : ઉપરનાં ત્રણ બોલ (મોક્ષ, મોક્ષમાર્ગ અને સંસાર)

તો જગતમાં સામાન્યપણે છે ને આ ત્રણ બોલ (દ્રવ્ય, ગુણ અને તેની કારણશુદ્ધપરિણતિ) તો એકેક જીવમાં સામાન્યપણે અનાદિ-અનંત છે. સંસાર, મોક્ષમાર્ગ કે મોક્ષ—એ વિશેષ પર્યાયો છે.

✽ ત્રિકાળી દ્રવ્ય-ગુણ તે સામાન્ય ધ્રુવ ને તેનું સદૃશ વર્તમાન તે વિશેષ ધ્રુવ;—આવા દ્રવ્ય-ગુણ ને તેનું સદૃશ વર્તમાન, એ ત્રણે અભેદપણે દ્રવ્યાર્થિકનયનો વિષય છે; તે સામાન્ય છે, તે દરેક જીવને અનાદિ-અનંત પારિણામિકસ્વભાવે વર્તે છે. જગતમાં એવો કોઈ જીવ નથી કે જેને શુદ્ધદ્રવ્ય-ગુણ અને તેની ધ્રુવ કારણરૂપ સદૃશ પરિણતિ ન હોય.

કેવળજ્ઞાન જગતમાં ક્યારે નથી?—અનાદિ-અનંત છે! અને તે કેવળજ્ઞાનનું 'કારણ' દરેક જીવમાં અનાદિ-અનંત છે, તેને અહીં 'કારણસ્વભાવજ્ઞાનોપયોગ' કહીને વર્ણવેલ છે.

જ્ઞાનોપયોગના બે પ્રકાર કહ્યા : (૧) સ્વભાવરૂપ, (૨) વિભાવરૂપ.

☞ કુમતિ(-કુશ્રુત) વગેરે એકાંત વિભાવજ્ઞાન જગતમાં અનાદિ-અનંત છે.

☞ સમ્યક્‌મતિ-શ્રુત વગેરે જ્ઞાન પણ જગતમાં અનાદિ-અનંત છે.

☞ કેવળજ્ઞાન તે સ્વભાવજ્ઞાન છે, તે પણ જગતમાં અનાદિ-અનંત છે.

☞ કેવળજ્ઞાનના કારણરૂપ સ્વભાવજ્ઞાન પણ અનાદિ-અનંત છે.

જેમ 'પરમાર્થ વચનિકા'માં કહ્યું હતું કે : વિકારની પરંપરારૂપ આગમપદ્ધતિ અને શુદ્ધચેતનાપરિણતિની પરંપરારૂપ અધ્યાત્મપદ્ધતિ, એ બંને ધારા જીવમાં અનાદિથી ચાલી આવે છે; તેમાંથી શુદ્ધતાની ધારાને (—કારણશુદ્ધપર્યાયને) કારણ તરીકે સ્વીકારતાં મોક્ષમાર્ગ શરૂ થઈ જાય છે ને આગમપદ્ધતિ છૂટી જાય છે.

તેમ અહીં કહે છે કે : આત્મામાં કારણરૂપ સ્વભાવજ્ઞાન અનાદિથી ચાલ્યું આવે છે ને વિભાવજ્ઞાન પણ અનાદિનું વર્તે છે, તેમાંથી સ્વભાવજ્ઞાનને કારણપણે સ્વીકારીને જ્યાં તેનું અવલંબન લીધું ત્યાં કેવળજ્ઞાન ખીલી જાય છે ને વિભાવજ્ઞાન છૂટી જાય છે.

'કારણસ્વભાવજ્ઞાન' કહીને કેવળજ્ઞાનનો આધાર બતાવ્યો છે. કારણસ્વભાવજ્ઞાન બધા જીવોને અનાદિ-અનંત છે પણ તે કારણ તરફ પોતાનો ઉપયોગ વાળીને એકાગ્ર થાય ત્યારે જ તેનું કાર્ય પ્રગટે છે ને તે જીવને જ કારણનો ખરો મહિમા સમજાય છે.

✽ 'કારણશુદ્ધપરિણતિ' કહેતાં તેમાં ત્રિકાળી ગુણ ને દ્રવ્ય અભેદ જ છે, એ બધાનું

ભેગું જ અવલંબન છે. આ અભેદના અવલંબને જ સમ્યગ્દર્શનથી શરૂ કરીને સિદ્ધદશા સુધીના નિર્મળભાવો પ્રગટે છે.

'કારણ' તો ત્રિકાળ શુદ્ધપણે વર્તે જ છે પણ તેને કારણ બનાવનારું 'કાર્ય' વર્તમાન નવું થાય છે.

'કારણ'ને કારણપણે સ્વીકાર્યું કોણે?—સ્વીકારનાર તો 'કાર્ય' છે અને તે જ 'મોક્ષમાર્ગ' છે.

આ મોક્ષમાર્ગરૂપી કાર્ય સામાન્યપણે જગતમાં અનાદિ–અનંત હોવા છતાં, વ્યક્તિગતપણે તે કાર્ય નવું થાય છે.

'કારણ' દરેક જીવમાં અનાદિ–અનંત છે પણ તે કારણને અંગીકાર કરીને 'કાર્ય' નવું થાય છે. કારણને કારણ બનાવનારું કાર્ય નવું થાય છે. કારણને કારણ તરીકે સ્વીકારતાં શુદ્ધકાર્ય થાય છે. જ્યાં આવું અપૂર્વ કાર્ય થયું, ત્યાં કારણનું ભાન નવું પ્રગટ્યું, ત્યાં ખબર પડી કે 'અહો! મારામાં આવું કારણ તો પહેલાં પણ હતું પણ મને તેનું ભાન ન હતું તેથી કાર્ય ન પ્રગટ્યું.'

જુઓ! આ ઘણી સરસ ને મૂળભૂત વાત છે, અમૃત જેવી મીઠી વાત છે. આત્મામાં મોક્ષમાર્ગરૂપી કાર્ય કેમ થાય?—તેની આ વાત છે.

દ્રવ્ય–ગુણ અને તેની કારણશુદ્ધપરિણતિ—એ બધું અભેદ છે. તે અભેદ સાથે અભેદતા કરનારું કાર્ય જાગે, ત્યારે તેને કારણનો ખ્યાલ આવે છે. ખ્યાલ ન હતો પણ તેને 'કારણ' તો પડ્યું જ હતું, પણ તે કારણને કારણ બનાવનારું 'કાર્ય' ન હતું; તેને પોતાના શુદ્ધકારણના અસ્તિત્વની ખબર ન હતી, તેથી શુદ્ધકાર્યને બદલે અશુદ્ધકાર્ય થતું હતું. અભેદના અવલંબને શુદ્ધકાર્ય (સમ્યગ્દર્શનાદિ) પ્રગટ કર્યું, ત્યાં આ કારણનો ખરો ખ્યાલ આવ્યો.

સમ્યગ્દર્શન લ્યો કે કેવળજ્ઞાન લ્યો, એ બધા શુદ્ધકાર્યનું મૂળ કારણ શું?—તે અહીં અલૌકિક ઢબે ઓળખાવ્યું છે.

☞ ત્રીજી ગાથામાં 'કાર્યનિયમ' અને 'કારણનિયમ'ની વાત કરી.

☞ સાતમી ગાથામાં 'કાર્યપરમાત્મા'ની સાથે 'કારણપરમાત્મા'ની વાત કરી.

☞ નવમી ગાથામાં 'કાર્યશુદ્ધજીવ' અને 'કારણશુદ્ધજીવ'ની વાત કરી.

☞ દશમી ગાથામાં 'કાર્યસ્વભાવજ્ઞાન' અને 'કારણસ્વભાવજ્ઞાન'ની વાત કરી.

—આ રીતે 'કાર્ય'ની સાથે તેના આધારભૂત 'કારણ' પણ ભેગું ને ભેગું જ બતાવતા જાય છે.

પર્યાયમાં જેણે કેવળજ્ઞાન પ્રગટ કર્યું, તે કાર્યશુદ્ધજીવ થયો, તે જ કાર્યપરમાત્મા છે. તેના પહેલાં સાધકદશામાં જે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ પર્યાય છે, તે મોક્ષમાર્ગરૂપ કાર્ય છે, તે નિયમથી કર્તવ્ય છે એટલે કે 'કાર્યનિયમ' છે. મોક્ષમાર્ગની પર્યાયને 'કાર્યનિયમ' કહ્યો પણ 'કાર્યશુદ્ધજીવ' ન કહ્યો. 'કાર્યશુદ્ધજીવ' અથવા 'કાર્યપરમાત્મા' તો પૂરી પર્યાય પ્રગટે ત્યારે જ કહેવાય છે. છતાં તે સાધકપર્યાય કે પૂરી પર્યાય—એ બંનેનો આધાર તો એક જ છે. દ્રવ્ય-ગુણ ને કારણશુદ્ધપરિણતિના અભેદ પિંડરૂપ આત્માનું અવલંબન લેતાં શુદ્ધપર્યાય થાય છે.

કારણસ્વભાવ તરફ અધૂરા વલણવાળો સાધકભાવ, તે મોક્ષમાર્ગ (અર્થાત્ કાર્યનિયમ) છે અને કારણસ્વભાવ સાથે પૂરી એકતારૂપ સાધ્યભાવ પ્રગટી ગયો તે કાર્યશુદ્ધજીવ છે. 'કાર્યનિયમ' અને 'કાર્યશુદ્ધજીવ'માં આટલો ફેર છે પણ તેના આધારરૂપ 'કારણસ્વભાવ' તો એક જ છે. સમ્યગ્દર્શનનો આધાર જુદો ને કેવળજ્ઞાનનો આધાર જુદો—એમ નથી. બધાયને અવલંબન એક સ્વભાવનું જ છે. તે સ્વભાવનું અધૂરું અવલંબન તે સાધકદશા ને પૂરું અવલંબન તે મોક્ષદશા.

આત્માના પારિણામિકસ્વભાવે વર્તતો કારણસ્વભાવજ્ઞાન ત્રિકાળ નિરુપાધિસ્વરૂપ છે, તેને નિમિત્તના સદ્ભાવની કે અભાવની અપેક્ષા નથી.

કેવળજ્ઞાનમાં કર્મના ક્ષયની અપેક્ષા છે પણ આ કારણસ્વભાવજ્ઞાનને 'કર્મના ક્ષયથી પ્રગટ્યું' એવી અપેક્ષા નથી, તે તો ઉપાધિ વગરનું સહજ છે, આત્માના દ્રવ્ય-ગુણ સાથે ત્રિકાળ અભેદપણે વર્તે છે.

કેવળજ્ઞાન પ્રગટ્યા પછી તેમાં જરા પણ અશુદ્ધતા કે આવરણ નથી, તેથી તેને પણ ઉપાધિરહિત અને સ્વભાવજ્ઞાન કહેવાય છે. કારણસ્વભાવજ્ઞાન તો ત્રણેકાળ કર્મની ઉપાધિ વગરનું, એકરૂપ પારિણામિકસ્વભાવે વર્તે છે. કર્મની હાજરી વખતે પણ તે સહજ નિરુપાધિક છે.

વિભાવજ્ઞાનના અભાવની અપેક્ષાએ કેવળજ્ઞાનને સ્વભાવજ્ઞાન કહ્યું; અને પાંચ ભાવોના વર્ણનમાં પરમપારિણામિકભાવની અપેક્ષાએ ઔદયિકાદિ ચારે ભાવોને વિભાવ-

ભાવો કહ્યા છે.—એ રીતે જુદી જુદી અપેક્ષાએ જ્યાં જે તાત્પર્ય હોય, તે સમજવું જોઈએ.

શ્રી 'તત્ત્વાર્થસૂત્ર'ના બીજા અધ્યાયના પહેલાં સૂત્રમાં ઔપશમિક-ક્ષાયિક ભાવોને જીવના સ્વતત્ત્વ કહ્યા, ત્યારે આ 'નિયમસાર'માં કહે છે કે : પરમપારિણામિકભાવ સિવાયનાં ચારે (ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક) ભાવો વિભાવ છે. ક્ષાયિકભાવ પણ વિભાવ છે.—તો શું આ બે મુનિવરોના કથનોમાં પરસ્પર વિરુદ્ધતા છે?—બિલકુલ નહિ. શ્રી 'તત્ત્વાર્થસૂત્ર'માં તે જીવના ભાવો ક્યા ક્યા છે?—તે બતાવવાનું પ્રયોજન છે અને અહીં શ્રી 'નિયમસાર'માં પાંચ ભાવોમાંથી ક્યો ભાવ આશ્રય કરવા જેવો છે?—તે બતાવવાનું પ્રયોજન છે. ક્ષાયિકભાવ પોતે કાંઈ વિભાવ નથી, તે તો શુદ્ધ છે પણ તે ક્ષાયિકભાવરૂપ પર્યાયનો આશ્રય લેવા જતાં વિકારની ઉત્તપત્તિ થાય છે. પરમપારિણામિકસ્વભાવના આશ્રયે જ સમ્યગ્દર્શન વગેરે થાય છે. તેથી તેનો આશ્રય લેવા જેવો છે.

આત્માના સ્વભાવનું આ વર્ણન છે. ભાઈ! તારો આત્મા આવા જ સ્વભાવવાળો છે! આવા સ્વભાવને જાણીને તેમાં અંતર્મુખ થા તો તને ધર્મ થાય. ધર્મ માટે તારા આત્માના સ્વભાવ સિવાય તને બીજા કોઈનો આધાર નથી. દ્રવ્ય-ગુણ ને કારણશુદ્ધપરિણતિ સદૃશપણે ત્રિકાળ ધ્રુવ છે, તે તારા ધર્મનું ત્રિકાળી કારણ છે. આવું કારણ તો તારામાં સદાય વિદ્યમાન છે જ પણ તું તેને કારણ બનાવતો નથી (એટલે કે તેનું અવલંબન લેતો નથી) તેથી ધર્મ થતો નથી.

'કારણ' તો છે પણ તેને કારણ બનાવનાર તો 'કાર્ય' છે. કારણમાં અંતર્મુખ થઈને કાર્ય પ્રગટ કરે ત્યારે એમ થાય કે : અહો! આ મારા કાર્યનું કારણ!! કાર્યનું કારણ બીજું કોઈ નથી. આ જ કારણ છે! આ કારણનું અવલંબન લ્યે, ત્યારે નિર્મળકાર્ય પ્રગટે છે અને ત્યારે જ કારણનું કારણપણું સફળ થાય છે.

જુઓ! આ કારણ સાથે કાર્યનો મેળ!! પોતાની વર્તમાન પર્યાયને અભેદ કારણ સાથે ભેળવીને આ વાત છે.

એકદમ અંતરનું કારણ બતાવીને બાહ્યકારણોની દૃષ્ટિ છોડાવી છે ને અંતરસ્વભાવનું અવલંબન કરાવ્યું છે.

☞ નિમિત્ત કારણોના આશ્રયથી કાર્ય થાય-એ વાત તો દૂર ગઈ.

☞ રાગાદિ વ્યવહાર કારણોના આશ્રયથી કાર્ય થાય-એ વાત પણ કાઢી નાંખી.

☞ પર્યાયના અવલંબનથી નિર્મળપર્યાયરૂપ કાર્ય થાય-એમ પણ નથી.

☞ ભગવાન કારણપરમાત્મા પોતાની કારણશુદ્ધપરિણતિ સહિત વર્તી રહ્યો છે—તે જ એક કારણ છે.

આ રીતે અભેદ સ્વભાવને જ કારણપણે બતાવીને તેનું અવલંબન કરાવ્યું છે ને નિમિત્તનું, રાગનું કે પર્યાયનું—ત્રણેનું અવલંબન છોડાવ્યું છે.

આ એક વાત સમજે તો બાહ્યકારણના બધા ઝઘડાનું સમાધાન થઈ જાય; એટલે બાહ્યકારણોની દૃષ્ટિ છૂટીને અંતર્‌સ્વભાવની દૃષ્ટિ થયા વગર રહે નહિ.

આવી અપૂર્વ દૃષ્ટિ પ્રગટ કરનાર જીવને બાહ્યકારણ તરીકે કેવા નિમિત્ત હોય?—તે વાત પછી ૫૩મી ગાથામાં જણાવશે. ત્યાં નિમિત્ત બતાવવામાં પણ અલૌકિક વર્ણન કરશે. ટીકાકારની ઢબ જ કોઈ અદ્‌ભુત છે!

અમે આ પરમાગમના અર્થો અમારી કલ્પનાથી કહેતા નથી. ગણધરો અને શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલ અર્થો અમને ગુરુપરંપરાથી મળેલા છે,-એમ કહીને ટીકાકારે આ ટીકા રચી છે. એટલે આ ટીકામાં કહેલા અર્થો ગણધરાદિ ગુરુ પરંપરાથી સારી રીતે પ્રગટ કરાયેલા છે. શ્રીગુરુઓના પ્રસાદથી અમને મળ્યા છે.

વળી હમણા આ પરમાગમના સાર પ્રત્યેની પુષ્ટ રુચિથી અમારું મન ફરી ફરીને અત્યંત પ્રેરિત થાય છે, 'આ ઠેકાણે આવો ઉપયોગ ને આ ઠેકાણે આવી કારણપરિણતિ'...એમ આ પરમાગમના અર્થો અમારા હૃદયમાં ફરી ફરી ઘૂંટાય છે, તેથી આ ટીકા રચાય છે,—આમ કહીને ટીકામાં અલૌકિક ભાવો ખોલ્યા છે!!

શ્રી કુંદકુંદભગવાને મૂળ સૂત્રોમાં અપૂર્વ રહસ્ય ભરી દીધું છે ને અધ્યાત્મમાં મસ્ત મહામુનિ પદ્મપ્રભદેવે ટીકામાં તે એકદમ સ્પષ્ટ કર્યું છે, અપૂર્વ આત્મસ્વભાવ બતાવ્યો છે!!

એકેક આત્માનો પરિપૂર્ણ સ્વભાવ છે તે અહીં ઘણી સ્પષ્ટતાથી બતાવ્યો છે. જેમ દરિયામાં પાણીનું દળ, એની શીતળતા અને તે દળની એક સરખી સપાટી—એ ત્રણેથી દરિયો એમ ને એમ પડ્યો પાથર્યો છે; તેમાંથી નાના-મોટા તરંગો ઊઠે છે. તેમ આ આત્મા ચૈતન્ય દરિયો....આનંદનો સાગર છે, તે દ્રવ્ય-ગુણ અને કારણશુદ્ધપરિણતિથી એમ ને એમ પડ્યો-પાથર્યો....વર્તમાન-વર્તમાનપણે વર્તે છે; તે જ નિર્મળપર્યાયો પ્રગટવાનું કારણ છે. નિર્મળ-પર્યાયોરૂપી કલ્લોલોનો આધાર તો આખો દરિયો છે.

જેમ લીંડીપીપરમાં ચોસઠપોરી (—સોળઆના-પરિપૂર્ણ) તીખાશ ભરી છે અને તેનો સ્વભાવ વર્તમાનમાં પણ વર્તી રહ્યો છે,—પ્રગટમાં ભલે ઓછી તીખાશ હો કે વધારે હો. તેમ આત્મામાં તીખો...ઉગ્ર...પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવ છે,—દ્રવ્ય સોળઆના-પરિપૂર્ણ; ગુણ સોળઆના-પરિપૂર્ણ; કારણશુદ્ધપરિણતિ સોળઆના-પરિપૂર્ણ;—એ રીતે આત્માનો પરિપૂર્ણ સ્વભાવ છે, વર્તમાનમાં પણ આવો જ સ્વભાવ છે. આ સ્વભાવ-કારણમાંથી મોક્ષમાર્ગ અન મોક્ષરૂપી કાર્ય થાય છે.

દ્રવ્ય-ગુણ તે સામાન્ય ધ્રુવ ને તેની સાથેની કારણશુદ્ધપરિણતિ તે વિશેષ ધ્રુવ, એનું વર્ણન કરીને અહીં એકદમ નજીકનું સીધું 'કારણ' બતાવ્યું છે; કાર્યની સાથેનું હાજરાહજૂર કારણ બતાવ્યું છે.

કાર્ય જે કેવળજ્ઞાન, તેના કારણપણે વર્તમાન વર્તતો સર્વથા નિર્મળ-અપ્રગટ કારણસ્વભાવ-જ્ઞાનોપયોગ છે, આ ઉપયોગ ત્રિકાળનિરૂપાધિરૂપ છે, દ્રવ્ય-ગુણ સાથે ત્રિકાળ પારિણામિકભાવે રહેલો છે; તેને જ આગળ 'સ્વરૂપપ્રત્યક્ષ સહજજ્ઞાન' તરીકે વર્ણવશે.—આ સહજઉપયોગ કેવળજ્ઞાન પ્રગટવાનું કારણ છે. આ વાત એકદમ અંતરમાં ધ્રુવ કારણની છે!

કેવળજ્ઞાન પ્રગટે તે 'સકલપ્રત્યક્ષ' છે અને તેના કારણરૂપ જે કારણસ્વભાવજ્ઞાન છે તે 'સ્વરૂપપ્રત્યક્ષ' છે.

કારણસ્વભાવજ્ઞાન તે આધાર છે ને કેવળજ્ઞાન તેના આધારે થયેલું કાર્ય છે.

આ કારણસ્વભાવજ્ઞાનોપયોગ, તે પરિણતિરૂપ હોવા છતાં ધ્રુવ છે. પ્રગટ કાર્યરૂપ નથી પણ અપ્રગટ શક્તિરૂપ છે, કારણરૂપ છે, તે કારણપણે આત્મામાં સદાય સ્વરૂપપ્રત્યક્ષ વર્તે છે.

૩ અજ્ઞાનોપયોગ (કુમતિ વગેરે);

૪ અધૂરા જ્ઞાનોપયોગ (સમ્યક્‌મતિ-શ્રુત વગેરે); અને

૩ વિભાવ દર્શનોપયોગ (ચક્ષુદર્શન વગેરે);

—આ (૩+૪+૩) બધાય વિભાવ ઉપયોગ છે, તે સદા એકરૂપ નથી પણ વિસદૃશરૂપ છે.

કેવળજ્ઞાન અને કેવળદર્શન—એ બે સ્વભાવોપયોગ છે; જોકે એ પ્રગટ્યા પછી

સદા એકરૂપ રહેનારા છે, પરંતુ તે પણ ત્રિકાળવર્તી નથી. આત્મામાં અત્યારે તો તેનો વિરહ છે.

જ્યારે કારણસ્વભાવજ્ઞાનોપયોગ આત્મા સાથે ત્રિકાળ એકરૂપ રહેનાર છે, તેનો કદી વિરહ નથી, તે તે આત્માનો પરમસ્વભાવ છે.

☞ કુમતિ આદિ ત્રણ જ્ઞાન અનાદિ–સાંત છે.

☞ સમ્યક્‌મતિ–શ્રુત વગેરે ચાર જ્ઞાન સાદિ–સાંત છે.

☞ કેવળજ્ઞાન સાદિ–અનંત છે.

પણ તે કોઈ જ્ઞાન અનાદિ–અનંત એકરૂપ નથી, વિસદ્દશ છે.

—તો તે સિવાયનો એક સદ્દશ અનાદિ–અનંત એકરૂપ વર્તનારો ઉપયોગ છે તે અહીં બતાવવો છે.

ધર્માસ્તિકાય વગેરે ચાર અરૂપી દ્રવ્યોમાં સદ્દશ એકરૂપ પરિણતિ પારિણામિક-ભાવે વર્તે છે. તો જ્ઞાતા એવા જીવતત્ત્વમાં સદ્દશ પરિણતિ કેવી છે?—તે અહીં બતાવે છે :

જીવની પર્યાયમાં સંસાર–મોક્ષ છે, તે તો વિસદ્દશ છે પણ તે સિવાયની એક સદ્દશ પરિણતિ, ઉત્પાદ–વ્યય વગરની, ધ્રુવરૂપ પારિણામિકભાવે વર્તે છે, તે કાર્યરૂપ નથી પણ કારણરૂપ છે, સદાય શુદ્ધ છે, ઉપાધિ વગરની છે અને દ્રવ્ય સાથે સદા અભેદરૂપ હોવાથી દ્રવ્યદ્દષ્ટિનો વિષય છે. આ નિરપેક્ષ પરિણતિને ૧૫મી ગાથામાં ‘કારણશુદ્ધપર્યાય’ કહીને બહુ સરસ રીતે વર્ણવશે, ત્યાં તેને ‘પૂજ્ય’ કહેશે.

આ ચાલતી ૧૦મી ગાથામાં ‘ઉપયોગ’ની સદ્દશ પરિણતિરૂપ ‘કારણસ્વભાવજ્ઞાન’નું વર્ણન છે. કેવું છે તે ‘કારણસ્વભાવજ્ઞાન’?—પરમપારિણામિકભાવે રહેલું, ત્રિકાળ-નિરૂપાધિરૂપ, કારણસ્વભાવરૂપ એટલે કે કેવળજ્ઞાનના કારણરૂપ, સ્વરૂપપ્રત્યક્ષ (—સકલ-પ્રત્યક્ષનું કારણ), સહજ, ત્રિકાળ એકરૂપ અનાદિ–અનંત,—આ બધા વિશેષણો કેવળજ્ઞાનને લાગુ નથી પડતા. કારણસ્વભાવજ્ઞાનને જ આ વિશેષણો લાગુ પડે છે, છતાં આ વાત છે ઉપયોગ–પરિણતિની.

જુઓ! આ આત્માના ઉપયોગનું અદ્‌ભુત વર્ણન!! શ્રી ‘નિયમસાર’ સિવાય બીજે ક્યાંય આવી ‘ખુલ્લી’ વાત નથી આવતી.

જુઓ! ક્યાંથી શરૂ કરીને ક્યાં સુધી લાવ્યા?

☞ આ જીવ-અધિકાર છે.

☞ જીવનો 'ઉપયોગ' સ્વભાવ છે.

☞ ઉપયોગ એટલે આત્માના ચૈતન્યને અનુસરીને વર્તતા પરિણામ.

☞ તે ઉપયોગના બે પ્રકાર : (૧) જ્ઞાન અને (૨) દર્શન.

☞ જ્ઞાનોપયોગના 'સ્વભાવ' અને 'વિભાવ' આવા બે પ્રકાર.

☞ તેમાંથી સ્વભાવોપયોગ પણ 'કારણ' ને 'કાર્ય' એમ બે પ્રકારનો છે.

તેમાંથી 'કારણસ્વભાવજ્ઞાનોપયોગ'નું આ વર્ણન ચાલે છે.

સાત તત્ત્વોમાંથી એક જીવતત્ત્વ, તેમાં આ બધા પ્રકારો સમાઈ જાય છે.

જીવના ચૈતન્યને અનુસરીને વર્તતા જે કારણસ્વભાવરૂપ જ્ઞાનપરિણામ, તે કેવળજ્ઞાનનું કારણ છે. ત્રિકાળ નિરાવરણ છે, અમૂર્ત-અતીન્દ્રિય છે. આત્મામાં આવો ઉપયોગ વર્તમાન છે પણ તે આંખથી ન દેખાય, મનના વિકલ્પથી પણ તે ખ્યાલમાં ન આવે, અંતરની સૂક્ષ્મ દૃષ્ટિનો આ વિષય છે.

જ્ઞાનીને ઉપયોગનું સ્વ-સન્મુખ કાર્ય પ્રગટતાં, તેના કારણરૂપ સ્વભાવોપયોગ પ્રતીતમાં આવી જાય છે.

અહીં સ્વભાવોપયોગમાં 'કારણ' અને 'કાર્ય' એવા બે ભેદ પાડ્યા; પણ વિભાવના કારણ-કાર્યની વાત ન લીધી, કેમકે વિભાવનું કારણપણું ખરેખર આત્માના સ્વભાવમાં છે જ નહિ, વિકારનો કોઈ ધ્રુવ આધાર નથી.

આત્માની કાર્ય-પર્યાયમાં શુદ્ધ ને અશુદ્ધ એવા બે પ્રકાર પડે છે પણ કારણ-પરિણતિ તો શુદ્ધ જ છે, તેમાં શુદ્ધ ને અશુદ્ધ એવા બે પ્રકાર નથી.

અહો! શુદ્ધતાનું જ કારણ થવાનો આત્માનો સ્વભાવ છે. આવા સ્વભાવને જાણે તો તે કારણમાંથી શુદ્ધ કાર્ય પ્રગટ્યા વિના રહે નહિ.

કાર્ય જે 'કેવળજ્ઞાન', તેના કારણ ઉપર અહીં જોર દેવું છે; તે કારણ ઉપર જોર દેતાં વચ્ચે સાધકદશામાં મતિ-શ્રુત વગેરે સમ્યગ્જ્ઞાન પ્રગટી જાય છે પણ અહીં તો ધ્રુવ કારણ ઉપર જોર દેવું છે, તેથી તેની (સમ્યગ્જ્ઞાનની) વાત આ ગાથાની ટીકામાં ન લીધી.—આવો ટીકાનો મર્મ છે!

અહીં 'શુદ્ધ કાર્ય' અને તેનું 'કારણ' બતાવ્યું છે. આ કારણને અવલંબતાં શુદ્ધ કાર્ય પ્રગટ્યે છૂટકો. વચ્ચે સાધકદશામાં (સમ્યક્‌મતિ વગેરે) ચાર જ્ઞાન પ્રગટી જાય છે પણ સાધકનું જોર તો 'કારણસ્વભાવ' ઉપર છે.

"કેવળ વિભાવરૂપ જ્ઞાનો ત્રણ છે : કુમતિ, કુશ્રુત અને વિભંગ."

—એ ત્રણે ઉપયોગ તો અજ્ઞાની-મિથ્યાદૃષ્ટિને જ હોય છે.

પહેલાં અજ્ઞાનદશામાં જ્યારે કારણસ્વભાવનું ભાન ન હતું, ત્યારે વિભાવરૂપ ઉપયોગ હતો; પછી કારણસ્વભાવનું ભાન થતાં સાધકદશામાં સમ્યક્‌મતિ, શ્રુત વગેરે ઉપયોગ પ્રગટ્યા, પણ સાધક-ધર્માત્માની દૃષ્ટિનું જોર તો એકરૂપ કારણસ્વભાવ ઉપર જ છે; તે કારણ ઉપર જોર આપીને એકાગ્ર થતાં કેવળજ્ઞાન થઈ જાય છે.

—આ પ્રમાણે ૧૦મી ગાથા પૂરી થઈ.

✻ હવે, જિનમંદિર ઉપર સોનાનો કળશ ચઢાવે તેમ આ ગાથા ઉપર ટીકાકાર એક કળશ મૂકે છે—

[શ્લોકાર્થ] "જિનેન્દ્રકથિત સમસ્ત જ્ઞાનના ભેદોને જાણીને જે પુરુષ પરભાવોને પરિહરી નિજ સ્વરૂપમાં સ્થિત રહ્યો થકો શીઘ્ર ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વમાં પેસી જાય છે—ઊંડો ઊતરી જાય છે, તે પુરુષ પરમશ્રીરૂપી કામિનો વલ્લભ થાય છે (અર્થાત્ મુક્તિસુંદરીનો પતિ થાય છે.)" ૧૭.

કારણસ્વભાવજ્ઞાન અને કાર્યસ્વભાવજ્ઞાન વગેરેનું ઘણું વર્ણન કર્યું, તેને જાણવાનું ફળ શું?—તે અહીં બતાવે છે :

...આ કારણસ્વભાવજ્ઞાન તેમજ કાર્યસ્વભાવજ્ઞાન વગેરે ભેદ કહ્યા, તે કેવા છે? કે : જિનેન્દ્રકથિત છે. ભગવાન સર્વજ્ઞદેવ અને તેના માર્ગ સિવાય, આ વાત બીજે ક્યાંય હોય શકે નહિ. પોતાના સ્વભાવોપયોગમાં જેમણે ત્રણકાળ-ત્રણલોકનો પત્તો મેળવી લીધો છે, બધું પ્રત્યક્ષ જાણી લીધું છે એવા ભગવાન જિનેન્દ્રદેવે જ્ઞાનના આવા પ્રકારો જાણીને કહ્યા છે;—આવા વસ્તુસ્ભાવને જે જાણે, તેને પરભાવોથી ભિન્નતા ને નિજ સ્વરૂપમાં લીનતા થયા વિના રહે નહિ.

આત્માના ઉપયોગમાં કાર્યસ્વભાવજ્ઞાન અને કારણસ્વભાવજ્ઞાન—એવા પ્રકારોને જાણીને, જે પુરુષ પરભાવોને પરિહરે છે એટલે કે કારણસ્વભાવ સિવાય બીજા કોઈપણ

ભાવોને અવલંબતો નથી ને નિજ સ્વરૂપમાં સ્થિર રહે છે,—'અહો! આવો મારો કારણસ્વભાવ!! આવી મારી વસ્તુ!! આવા સ્વભાવથી વસ્તુની પૂર્ણતા છે' એમ વસ્તુસ્વભાવનો મહિમા લાવીને, તેમાં ઠરે છે...સ્વભાવમાં ઊંડો ઊતરી જાય છે...કારણપરમાત્મામાં ઊંડો ઊતરીને એકદમ લીન થઈ જાય છે, તે જીવ સાક્ષાત્ પરમાત્મા થઈ જાય છે એટલે કે મુક્તિસુંદરીનો નાથ થઈ જાય છે.

આ અપૂર્વ વાત છે! શ્રી સર્વજ્ઞભગવાનના માર્ગનો આશ્રય લઈને જે સમજે તેને જ આ વાત સમજાય તેવી છે.

આત્મામાં જો વિસદૃશરૂપ-સાપેક્ષ-ઉત્પાદ-વ્યયરૂપ પર્યાયો જ હોય ને સદૃશરૂપ-નિરપેક્ષ-ધ્રુવ પરિણતિ (—સ્વભાવાકાર પરિણામ અર્થાત્ કારણશુદ્ધપર્યાય) ન હોય, તો વસ્તુની પૂર્ણતા વર્તમાનમાં સિદ્ધ થઈ શકતી નથી અને જો વર્તમાન વ્યક્તરૂપ વિસદૃશ પર્યાયો ન હોય, તો સાધકપણું કે સંસાર-મોક્ષ એ કાંઈ સિદ્ધ થતું નથી, માટે બંને પ્રકારોને જેમ છે તેમ જાણવા જોઈએ.

જ્ઞાનમાં મતિજ્ઞાન વગેરે વિસદૃશ પર્યાયો છે તેમજ સદૃશ-એકરૂપ કારણસ્વભાવજ્ઞાન પણ છે ને તેના અવલંબનથી કેવળજ્ઞાન ખીલે છે; આવા ભેદો જાણવા;—તે જાણીને શું કરવું?—શ્રી સર્વજ્ઞકથિત આ ભેદોને જાણીને, જે જીવ પરભાવોને છોડે છે ને નિજ સ્વભાવમાં એકાગ્ર થાય છે...અંતર્મુખ થઈને સ્વભાવમાં ઊંડો-ઊંડો ઊતરી જાય છે તેને મોક્ષદશા ખીલી જાય છે. કારણસ્વભાવમાં ઊંડો ઊતરી ગયો ત્યાં કેવળજ્ઞાનરૂપ કાર્ય પ્રગટી જાય છે. જુઓ! આમાં ત્રિકાળીકારણ, મોક્ષમાર્ગ અને મોક્ષ—એ ત્રણે આવી ગયા. ધ્રુવ કારણના આશ્રયે જે મોક્ષદશા થઈ તે સાદિ-અનંત મંગળરૂપ છે.

(ક્રમશઃ)

❑ ❑ ❑

અહીં તો પરથી પોતાને સંકેલી લેવાની વાત છે. છ દ્રવ્યો છે તે જ્ઞેય છે એમ નથી, કેમ કે છ દ્રવ્યોને લઈને તેને જાણવાની પર્યાય થઈ નથી પણ પોતાના જ્ઞાનથી જ્ઞાનની પર્યાય થઈ છે. માટે જ્ઞાનની પર્યાય જ્ઞેય છે પરંતુ છ દ્રવ્યો જ્ઞેય નથી.

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*શ્રોતા :—બાહ્યમાં તો નિવૃત્તિ લીધી પણ અંતરની નિવૃત્તિ લેવી જોઈએ એમ આપ કહો છો તો અંતર-નિવૃત્તિ એટલે શું?*

પૂજ્ય બહેનશ્રી :—અંતર-નિવૃત્તિ એટલે અંતરમાં અનેક જાતની વિકલ્પની ઘટમાળમાં રોકાતો હોય તો તેમાંથી પોતે છૂટી, વારંવાર ચૈતન્ય તરફ જવું તે અંતર-નિવૃત્તિ છે. અનેક જાતની ઘટમાળમાં રોકાતો હોય તેણે ચૈતન્ય તરફ વળીને ચૈતન્ય તરફના વિચારો કરવા, આ હું છું તેમ પોતાને ગ્રહણ કરવો. વિકલ્પજાળની પ્રવૃત્તિ વારંવાર આડે આવ્યા કરે અને ચૈતન્યના વિચારો ગૌણ થઈ જાય તો વિકલ્પજાળની પ્રવૃત્તિઓ ઓછી કરીને પોતાના તરફનો અભ્યાસ વધારે તે અંતર-નિવૃત્તિ છે. વાસ્તવિક નિવૃત્તિ તો પોતે જ્ઞાયક જ્ઞાયકરૂપે પરિણમી જાય તે છે.

*શ્રોતા :—મૂંઝવણ થાય તો રસ્તો પોતે કાઢી શકે?*

પૂજ્ય બહેનશ્રી :—પોતે રસ્તો કાઢતો જાય. જેમ બહારની મુશ્કેલીઓમાંથી રસ્તો કાઢે છે તેમ અંતરમાં પણ પોતે રસ્તો કાઢતો જાય–કોઈ વિકલ્પની ઘટમાળમાં નહિ મૂંઝાતાં પોતે રસ્તો કાઢીને ચૈતન્યનો અભ્યાસ કેમ વધે એ પ્રયત્ન કરે.

*શ્રોતા :—જ્ઞાની થયા પછી એમ ખબર પડે કે હવે પાછી આ વખતે નિર્વિકલ્પ દશા આવશે?*

પૂજ્ય બહેનશ્રી :—નિર્વિકલ્પ દશા આ વખતે થશે, ક્યારે થશે? એવા વિકલ્પ હોતા જ નથી. પોતાની પરિણતિને પોતે અંતરમાં વાળી સ્વરૂપની લીનતાનો પ્રયાસ કરે છે તેમાં, તેને કાળ ઉપર કે ક્યારે થશે તેનું ધ્યાન નથી. પોતાની પરિણતિ ન્યારી કરવા ઉપર ને જ્ઞાતાધારાની ઉગ્રતા કરવા ઉપર તેનું લક્ષ હોય છે. નિર્વિકલ્પ દશા ક્યારે થશે? એ જાતનો વિકલ્પ હોતો નથી. એ તો પોતાની પરિણતિ ન્યારી કરતો જાય છે. ન્યારી પરિણતિમાં તેને સહજધારા ઊપડતાં નિર્વિકલ્પ દશા થાય છે.

*શ્રોતા :—*આપ સમ્યગ્દર્શન આટલું દૂર છે.....આટલું દૂર છે તે કોના જોરે કહેતાં હતાં?

પૂજ્ય બહેનશ્રી :—જ્ઞાયકના જોરે કહેતી હતી, જ્ઞાયકના જોરે કહેવાતું હતું.

જ્ઞાયકના જોરથી એમ લાગતું હતું કે સમકિત નજીક છે. આ પરિણતિ એવી છે કે ઠેઠ સુધી પહોંચે જ છૂટકો થશે, આ પુરુષાર્થની ધારા એવી છે કે ઠેઠ સુધી પહોંચી જ જાશે. પોતાની ઉગ્રતાના આધારે કહેતી હતી. ક્યારે થશે તે કાંઈ નિશ્ચિત નહોતું લાગતું ને એવી કાંઈ ખબર ન હતી, પણ અંતરના જ્ઞાયકની ઉગ્રતાથી, પોતાની ભાવનાથી, પુરુષાર્થના જોરથી કહેતી હતી.

*શ્રોતા :—ચોથા ગુણસ્થાને ધ્યાનમાં બેસે ત્યારે જ નિર્વિકલ્પ દશા થાય એમ ખરું ને?*

પૂજ્ય બહેનશ્રી :—ધ્યાનમાં બહારથી બેસે યા ન બેસે, કોઈવાર બહારથી બેસે અને ધ્યાન થાય, કોઈવાર બહારથી ન બેસે તો પણ ધ્યાન થાય. જ્ઞાતાનું અસ્તિત્વ જે એણે ગ્રહણ કર્યું છે, જ્ઞાયકની ધારા જે વર્તે છે એટલી એકાગ્રતા તો તેને ચાલુ જ છે, એટલે તે પ્રકારનું ધ્યાન તો તેને છે જ. ધ્યાન એટલે એકાગ્રતા. તો તે જાતની એકાગ્રતા તેને છૂટી જ નથી, અમુક પ્રકારની એકાગ્રતા તો તેને છે જ. તે એકાગ્રતામાં કોઈ વિશેષતા પણ બહારથી શરીર ધ્યાનમાં બેસે તો જ થાય એમ નથી, એવું બંધન નથી.

*શ્રોતા :—એકવાર નિર્વિકલ્પ દશા આવ્યા પછી અમુક કાળ તેની રાહ જોવી પડે એવું નહિ?*

પૂજ્ય બહેનશ્રી :—એની રાહ કાંઈ જોવાની હોતી નથી. જેને અંતર ભેદજ્ઞાનની દશા ચાલુ છે તેને અમુક ટાઈમે તે દશા થયા વગર રહેતી જ નથી. સમયનું બંધન નથી, અંતરની દશા છે. ભેદજ્ઞાનની ધારા વર્તે જ છે તેથી તેને થયા વગર રહેતી જ નથી. જે અંતરમાંથી ન્યારો થયો, તેનો ઉપયોગ બહાર ગયો હોય તે અંતરમાં પાછો આવ્યા વગર રહેતો જ નથી. કેમકે ઉપયોગને બહારમાં કંઈ સર્વસ્વ છે નહિ. ભેદજ્ઞાનની ધારા વર્તે છે ને પોતે ક્ષણે ક્ષણે ન્યારો વર્તે છે. ન્યારી પરિણતિ તો હતી જ, ઉપયોગ પલટાઈ જાય છે. જેવી પરિણતિ છે તેવો ઉપયોગ થઈને પાછો આવ્યા વગર રહેતો નથી. ઉપયોગ બહાર જાય છે તો પરિણતિની દોરી ઉપયોગને પાછો વાળ્યા વગર રહેતી નથી.

જ્ઞાયકરૂપે ભેદજ્ઞાનની ધારાની પરિણતિ નિરંતર ક્ષણે ક્ષણે સહજપણે ચાલ્યા કરે છે. તે પરિણતિની દોરી ન્યારી છે. તે ઉપયોગને ત્યાં (બહારમાં) ટકવા દેતી નથી, અમુક ટાઈમે ઉપયોગને પાછો જ લાવે છે ને સ્વરૂપમાં લીનતા–નિર્વિકલ્પ દશા–થયા વગર રહેતી જ નથી.

*શ્રોતા :—જ્ઞાનીની અંતરંગ દશા એટલી મજબૂત હોય છે કે ઉપયોગની લાચારી નથી કરવી પડતી?*

પૂજ્ય બહેનશ્રી :—જ્ઞાનીને ઉપયોગની લાચારી નથી કરવી પડતી. તેની દશા જ એવી છે કે તેને અમુક પ્રકારની શાંતિ અને હૂંફ રહે જ છે. પોતે એકત્વબુદ્ધિએ વર્તતો નથી. ન્યારો જ વર્તે છે. તેની ન્યારી પરિણતિ જ ઉપયોગને પાછો લાવે છે. ઉપયોગ બહાર લાંબો ટાઈમ ટકી શકતો નથી. તે ઉપયોગ પાછો પોતાના સ્વરૂપમાં લીન થયા વગર રહેતો જ નથી. તેની ન્યારી પરિણતિ જ ઉપયોગને પાછો લાવે છે. તેને નિર્વિકલ્પ દશાની વાટ જોઈને બેસવું પડતું નથી. તેને કોઈ શંકા પડતી નથી. પરિણતિ જ ઉપયોગને પાછો ખેંચી લાવે છે.

*શ્રોતા :—નિર્વિકલ્પ દશા વધારે થાય તો વધારે મજબૂતતા આવે તેવું ખરું?*

પૂજ્ય બહેનશ્રી :—પરિણતિ જોરદાર થાય એટલે નિર્વિકલ્પ દશા આવે છે.

*શ્રોતા :—જ્ઞાની ચોવીસે કલાક આત્મામાં રહે?*

પૂજ્ય બહેનશ્રી :—જ્ઞાનીને ચોવીસે કલાક આત્મસ્વરૂપનું અવલંબન છે. ઉપયોગ બહારમાં એકમેક થતો જ નથી, ઉપયોગ બહાર જાય તો પણ ન્યારો રહે છે. તે પાછો સ્વરૂપમાં જમાવટ કર્યા વગર રહેતો જ નથી. તેની રુચિ-પરિણતિ જ તેને પાછો લાવે છે. બધું સહજપણે છે.

*શ્રોતા :—પ્રયોજનની સિદ્ધિ માટે, વિભાવ મારો સ્વભાવ નથી એમ લેવું કાં તો તેને નિમિત્તમાં નાખી દેવો. આ બરાબર છે?*

પૂજ્ય બહેનશ્રી :—પ્રયોજનની સિદ્ધિ એનાથી છે કે તું જુદો છે અને વિભાવ થાય છે તે ભિન્ન છે, માટે તેને નિમિત્તમાં નાખી દે. જોકે વિભાવ પુરુષાર્થની મંદતાએ તારામાં થાય છે તે અપેક્ષાએ ચેતનમાં થાય છે માટે તું તેને પુરુષાર્થ કરીને ટાળ. તે જુદા છે તેમ ભેદજ્ઞાન કર્યા પછી જે અસ્થિરતા રહે છે, તેને પણ તારે તોડવાની છે. એટલે પુરુષાર્થ–ભેદજ્ઞાન કરવાનું પ્રયોજન છે. પ્રયોજનને મુખ્ય રાખવું. કોઈ અપેક્ષાએ વિભાવને જડના કહેવાય છે અને ચેતનની અપેક્ષાએ ચેતનના કહેવાય છે. ચેતનની અપેક્ષાએ પોતાના પુરુષાર્થની મંદતાથી ચેતનમાં થાય છે તેમાં નિમિત્તની ગૌણતા થાય છે અને જડ તરફની–નિમિત્તની વાત આવે તો વિકાર જીવનો છે તેની ગૌણતા છે. વિભાવ ને જડને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, માટે તારે તેનાથી જુદું પડીને ભેદજ્ઞાન કરવાનું પ્રયોજન છે.

ખોટા વાદ-વિવાદમાં અટકવું નહિ, પ્રયોજન સિદ્ધ કરવું. અધ્યાત્મદૃષ્ટિમાં એક ભેદજ્ઞાન કરવાનું પ્રયોજન છે. આચાર્યોનું–ગુરુદેવનું કહેવું છે કે તું ભેદજ્ઞાન કર. વિભાવ તારો સ્વભાવ નથી માટે જડના છે. અને જો તે એકાંતે જડના હોય અને તારામાં ન થતા હોય તો તારે પુરુષાર્થ કરવાનો રહેતો નથી માટે તે અપેક્ષાએ તારામાં જ થયા છે. આમ, બંને અપેક્ષાનો મેળ કરીને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ કેવી રીતે છે તે જાણવું. કોઈ અપેક્ષાએ કોઈની મુખ્યતા ને કોઈની ગૌણતા થાય છે. પ્રયોજન એ રાખવું કે ભેદજ્ઞાન કરવાનું છે. વાદ–વિવાદમાં અટકવું નહિ.

ભેદજ્ઞાન કરીને અંતરમાં ચૈતન્ય આત્મા અનંત ગુણથી ભરેલો છે તેને પ્રગટ કરવાનો છે. વિભાવ વિપરીત સ્વભાવ છે, દુ:ખરૂપ છે ને દુ:ખનું ફળ છે. તેને છોડીને આત્મા જુદો છે તેમ ભેદજ્ઞાન કરવું. તેને જડથી ભેદજ્ઞાન કરવાનું છે અને વિભાવથી પણ ભેદજ્ઞાન કરવાનું છે. વિભાવ તારો સ્વભાવ નથી, તે દુ:ખ અને દુ:ખનાં ફળ છે, માટે તેનાથી તું જુદો પડ. જ્ઞાનમાં એકલું જ્ઞાન જ દેખાય છે ને ક્રોધમાં ક્રોધ દેખાય છે, કેમકે બંને જુદાં છે, બંનેના સ્વભાવભેદ છે.

*શ્રોતા :—વચનામૃતમાં આવે છે કે કાર્યની ગણતરી કરવા જેવી નથી, તેમ છતાં પરિણામોમાં કાર્યની ગણતરી થઈ જતી હોય ત્યાં મુખ્ય કારણ શું બનતું હશે? તેનાથી બચવા માટે પ્રયોગાત્મક રીતે શું કરવું?*

પૂજ્ય બહેનશ્રી :—કાર્યોની ગણતરી ન કરતાં આત્માને મુખ્ય રાખવો. બહારમાં તે જાતનો રાગ છે એટલે કાર્યની ગણતરી થાય છે. તેને માટે એક આત્મા તરફની જ લગની લગાડે તો બીજાની મહિમા તૂટી જાય. કાર્યોની શી મહિમા છે? આત્મા જ મારે સર્વસ્વ છે અને આત્મામાં જ સર્વસ્વ છે. આમ આત્માને મુખ્ય રાખે અને આત્માની મહિમા આવે તો તે બધું ગૌણ થઈ જાય છે, કોઈ જાતની ગણતરી રહેતી નથી. જેને આત્માની જ મહિમા, લગની અને તે તરફનું સર્વસ્વ રહે છે તેને મેં આટલું કર્યું તો પણ કાંઈ થતું નથી, આટલા વિચારો કર્યા, વાંચન કર્યું, સ્વાધ્યાય-ભક્તિ કરું છું તોપણ થતું નથી તેવી ગણતરી હોતી નથી. પણ તેને આત્મા મુખ્ય રહે છે કે મને આત્મા જ સર્વસ્વ છે. બહારથી જે બધું થાય તેના કરતાં અંતરમાં ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરું, જ્ઞાયકને ગ્રહણ કરું, તેમાં લીનતા કેમ થાય તેના ઉપર તેની દૃષ્ટિ હોય છે.

*શ્રોતા :—દેવ–શાસ્ત્ર–ગુરુની મહિમા શું આત્માની મહિમા માટે છે?*

પૂજ્ય બહેનશ્રી :—જિનેન્દ્રદેવે આત્મા પ્રગટ કર્યો છે ને કેવળજ્ઞાનમાં પૂર્ણરૂપે

બિરાજી રહ્યા છે, ગુરુ સાધના કરે છે અને શાસ્ત્રમાં પણ તે આવે છે. તેમણે ચૈતન્યનું સ્વરૂપ પ્રગટ કર્યું તે સ્વરૂપની પોતાને રુચિ છે, માટે તેમની મહિમા આવે છે. તે રુચિ એવી જાતની હોવી જોઈએ કે તે સ્વરૂપ મને પ્રગટ થાવ. માત્ર રૂઢિગત મહિમા આવે તેમ નહિ, તેમણે પ્રગટ કરી તે આદરવા યોગ્ય અનુપમ વસ્તુ મારે જોઈએ છે એવી રુચિ હોવી જોઈએ, માટે આત્માની રુચિ અને દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા બંને સાથે સંકળાયેલા હોય છે. જેને સમજણપૂર્વક મહિમા આવે તેને આત્માની રુચિ સાથે હોય જ છે. કોઈ ઓઘે ઓઘે કરતો હોય તેમ નહિ, સમજણપૂર્વક મહિમા આવે તેમાં રુચિ ભેગી જ હોય કે આ સ્વરૂપ મારે જોઈએ છે. વિભાવ સારો નથી, પણ સ્વભાવ સારો છે. દેવ-શાસ્ત્ર-ગુરુએ જે પ્રગટ કર્યું તેની મહિમા આવે છે અને તે મારે જોઈએ છે એવી રુચિ ભેગી હોય જ છે.

દેવ-શાસ્ત્ર-ગુરુ આદરવાયોગ્ય કેમ છે? કે તેમણે આત્માનું સ્વરૂપ પ્રગટ કર્યું છે તે કોઈ અપૂર્વ છે, માટે તેમનો પોતાને આદર છે. તેમાં પોતાના આત્માનો આદર અંતરમાં આવી જાય છે.

*શ્રોતા :—કોઈ બીજું વિકલ્પ કરતું હોય એટલું બધું જુદું જ્ઞાનીને વિકલ્પથી જુદાપણું લાગતું હોય?*

પૂજ્ય બહેનશ્રી :—બીજું કોઈ વિકલ્પ કરે છે એટલું જુદું નહિ, પણ વિકલ્પથી મારો સ્વભાવ જુદો છે. પુરુષાર્થની મંદતાએ તે મારામાં થાય છે પણ તે મારો સ્વભાવ નથી. તેનાથી જુદું ભેદજ્ઞાન-જ્ઞાતાની પરિણતિ વર્તે છે. તે સ્વભાવથી એકત્વ છે ને વિભાવથી વિભક્ત છે. જે વિભાવથી વિભક્ત થયો તે શરીરથી વિભક્ત થઈ જ ગયો છે. દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ છે તેમાં જે ભાવકર્મથી ન્યારો વર્તે છે તે દ્રવ્યકર્મ અને નોકર્મથી જુદો જ વર્તે છે. કોઈ સ્થૂલતાથી શરીરથી જુદો-જુદો એમ કરે અને અંદરથી જુદો નથી પડ્યો તો તે વાસ્તવિક જુદો જ નથી થયો. કોઈ સ્થૂલતાથી કહે કે હું શરીરથી જુદો, પણ જો વિકલ્પથી ન્યારો નથી પરિણમતો તો શરીરથી જુદો કહે છે તે માત્ર અભ્યાસરૂપ છે.

*શ્રોતા :—સમકિત પ્રાપ્ત નહિ થવામાં શ્રદ્ધાનો જ દોષ છે?*

પૂજ્ય બહેનશ્રી :—સમ્યગ્દર્શન પ્રાપ્ત નહિ થવામાં શ્રદ્ધાનો જ દોષ છે. ચારિત્રનો દોષ તે શ્રદ્ધાને રોકતો નથી. શ્રદ્ધાને શ્રદ્ધાનો દોષ જ રોકે છે. અનંતાનુબંધી કષાય છે તેને શ્રદ્ધા સાથે સંબંધ છે. જેની શ્રદ્ધા ફરે તેને અનંતાનુબંધી કષાયો ટળી જ જાય છે. અનંતકાળથી શ્રદ્ધાનો દોષ છે.

❊ ❊ ❊

## Jain Priest Mr. Subhash Sheth's Lecture tour on jainism in U.S.A.

## Schedule 2007

| S. No. | Date | City | Contact |
|---|---|---|---|
| 1. | Aug 22-29<br>Wed - Wed | Las Vegas, Nevada | Atul Gandhi<br>702-255-8741 |
| 3. | Aug 30-Sept 09<br>Thu-Sun | Lansdale, PA<br>(Airport<br>Philadellhia | Pravin N. Shah<br>215-362-5598 |
| 4. | Sept 10-15<br>Mon - sat | New York, NY<br>Road journey from lansadle to New York city.<br>For Tampa, please depart from LGA or JFK airport | Dr. Haresh Shah<br>718-275-3049 |
| 4. | Sept 16-25<br>Sun - Wed<br>**(Das laxan Parva)** | Tampa, Florida<br>Tampa International Airport | Dr. Siddharth H. shah<br>727-934-6141 |
| 5. | Sept 26 - | Leaving for Bombay India | |

For further information, please contact :

**Hasmukh M. Shah,** President : Jain Swadhyay Mandir Songadh (USA)

Phone : 727-934-3255 / 813-649-8979.

Email : hasmukh33@yahoo.com or Kahanguru@gmail.com

**શ્રી કાંતિલાલ અમીચંદ કામદાર પરિવાર, ચેન્નાઈ હસ્તે પ્રવીણાબેન, અશ્વિનભાઈ તથા ભરતભાઈ તરફથી રૂા. ૧૧,૦૦૦=૦૦ આ અંકના પ્રકાશનાર્થ પ્રાપ્ત થયા છે.**

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : | શ્રી પ્રવચનસાર ઉપર બ્ર. ચંદુભાઈ દ્વારા શાસ્ત્ર-વાંચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૪૫ થી ૫-૧૫ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન |

### જ્ઞાનવૈભવ-પ્રકાશન તથા પંડિતરત્નના જન્મનો વાર્ષિક દિવસ

'બહેનશ્રીનો જ્ઞાનવૈભવ' ગ્રંથના પ્રકાશનનો વાર્ષિક દિવસ તા. ૧૦-૯-૦૭ સોમવારના દિવસે છે. આ દિવસે આપણા આદરણીય, ઊંડાઆદર્શઆત્માર્થી, કુંદકુંદ સરસ્વતીના પુત્ર, સમયસાર આદિ પંચ પરમાગમના ગદ્ય-પદ્યાનુવાદક પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહનો ૧૦૦મો જન્મદિવસ છે. આ બંને અવસર, તેઓના ઉપકારો પ્રતિ કૃતજ્ઞતા જ્ઞાપનાર્થ, શ્રી જિનેન્દ્રપૂજા સમારોહ આદિ વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

### ❀ દશલક્ષણપર્યુષણપર્વ ❀

ભાદરવા સુદ ૫, રવિવાર તા. ૧૬-૯-૨૦૦૭થી ભાદરવા સુદ ૧૪, મંગળવાર, તા. ૨૫-૯-૨૦૦૭ સુધી દસ દિવસ શ્રી દશલક્ષણપર્યુષણપર્વ દશલક્ષણ-મંડલવિધાનપૂજા તથા મુનિધર્મમહિમાયુક્ત અધ્યાત્મ જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિની ઉપાસનાપૂર્વક ઉજવવામાં આવશે. એજ રીતે તા. ૨૪-૯-૨૦૦૭, સોમવારથી તા. ૨૬-૯-૨૦૦૭, બુધવાર સુધી ત્રણ દિવસ 'રત્નત્રયધર્મ' પર્વ પણ ઊજવાશે.

### ❀ ઉત્તમ ક્ષમાવણીપર્વ ❀

ભાદરવા વદ ૧, ગુરુવાર, તા. ૨૭-૯-૨૦૦૭ના દિવસે ક્ષમાવણીપર્વ ક્ષમાવણીપૂજા, સાંવત્સરિક આલોચના તથા ભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

* * *

ચેન્નાઈનિવાસી કાંતિલાલ અમીચંદ કામદાર પરિવાર

હ. પ્રવીણાબેન, અશ્વિનભાઈ તથા ભરતભાઈ દ્વારા

***અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સોનગઢમાં સાનંદ સંપન્ન થવાવાળી***

***પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની***

# ૯૪મી જન્મજયંતી

અધ્યાત્મયુગપ્રવર્તક પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પરમ ભક્ત, સ્વાનુભવવિભૂષિત ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની દેવગુરુમહિમા તથા સ્વાનુભૂતિમાર્ગપ્રકાશિની ઉપકાર-કિરણાવલી આપણા સાધનાપથને સદૈવ આલોકિત કરતી રહે છે. તે ઉપકૃતતાની ભક્તિભીની ભાવનાને કારણે તેઓની ૯૪મી જન્મજયંતી આ વર્ષે ચેન્નાઈનિવાસી કાંતિલાલ અમીચંદ કામદાર પરિવાર હ. પ્રવીણાબેન, અશ્વિનભાઈ તથા ભરતભાઈ તરફથી અતિ આનંદોલ્લાસ સહ સંપન્ન થશે. પૂજ્ય બહેનશ્રીની આ ૯૪મી જન્મજયંતી (શ્રાવણ વદ ૨)નું આયોજન તા. ૨૬-૮-૨૦૦૭, રવિવાર થી તા. ૩૦-૮-૨૦૦૭, ગુરુવાર–પાંચ દિવસ સુધી શ્રી ત્રણ ચોવીસી મંડલ-વિધાન પૂજા, અધ્યાત્મ-જ્ઞાનોપાસના અને દેવ-ગુરુ-ભક્તિ આદિ વિવિધ કાર્યક્રમયુક્ત સંપન્ન થશે. આપણા આદરણીય, ઊંડા આદર્શ આત્માર્થી, પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહની આનંદોત્સાહવર્ધક પંચપરમમાગમ-અનુવાદકરૂપ શુભ ઉપકારછાયામાં સંપન્ન થવાવાળા આ પંચાહ્નિક અવસર પર પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક ટેપ-પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભીની વિડિયો-ધર્મચર્ચા, સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્રપ્રવચન, વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનાં દર્શન, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની ભજનમંડળી દ્વારા જિનેન્દ્ર તથા પ્રાસંગિક ભક્તિ, તા. ૨૨-૮-૨૦૦૭થી તા. ૧૦-૯-૨૦૦૭—વીસ દિવસ સુધી ચાલનાર (પુરુષો માટે) ધાર્મિક શિક્ષણવર્ગ–ઇત્યાદિ અનેકવિધ કાર્યક્રમનો પણ સમાગત મુમુક્ષુ મહેમાનોને લાભ મળશે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે. સર્વે સાધર્મીઓને સોનગઢ પધારવા માટે હાર્દિક અનુરોધ છે.

સૂચના :—નિમંત્રણપત્રિકાની શુભ લેખનવિધિ સોનગઢમાં તા. ૩-૮-૨૦૦૭ને અષાઢ વદ ૫ના રોજ સાનંદ સંપન્ન થઈ હતી.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

❀ સમ્યગ્દર્શનની પર્યાયમાં આખું દ્રવ્ય આવતું નથી પણ આખા દ્રવ્યની પ્રતીતિ આવે છે. જેને એક સમયની કેવળજ્ઞાનની પર્યાયમાં આખું દ્રવ્ય શું છે તે જાણવામાં આવ્યું છે તથા લોકાલોક શું છે તે જાણવામાં આવ્યું છે એવા ત્રિલોકી પરમાત્માએ દિવ્યધ્વનિમાં એમ કહ્યું કે ભગવાન આત્મા પરદ્રવ્યનો તો કર્તા નથી, રાગનો તો કર્તા નથી પણ નિર્મળ પરિણતિનો પણ કર્તા નથી. શુદ્ધનિશ્ચયનયથી ભગવાન આત્મા બંધ-મોક્ષથી રહિત છે એમ જિનેન્દ્રદેવ કહે છે. ૪૧૮.

❀ અપૂર્ણતા ને અલ્પજ્ઞતાની માન્યતા હતી તેને હવે પૂર્ણ છું, શુદ્ધ છું એમ નિર્વિકલ્પપણે સ્વીકાર! જ્ઞાન–દર્શન આદિ અનંત શક્તિઓનો સમૂહ તું છો. ક્ષેત્ર ભલે થોડું હોય પણ સંખ્યાએ અને સ્વભાવે અપરિમિત ને અનંત છે. અનંત બેહદ જ્ઞાન ને પરમ આનંદ સ્વભાવી તું છો માટે બહારના ભભકાને તું ભૂલી જા! વ્રત-તપ આદિના વિકલ્પને તું ભૂલી જા અને અલ્પજ્ઞતાને પણ તું ભૂલી જા. અરે! ચાર જ્ઞાન પ્રગટ થયા હોય તોપણ તેને ભૂલી જા ને દૃષ્ટિ ત્રિકાળી ઉપર રાખ. ૪૧૯.

❀ જ્ઞાનની પર્યાયમાં સ્વજ્ઞેય જણાય છે પણ તેના તરફ તેં દૃષ્ટિ કરી નથી, ત્યાં દૃષ્ટિ કરીને તને જાણ તો તને સુખ થશે. પર તરફના વલણવાળા જ્ઞાનથી દુઃખ થશે કેમ કે તે પરના લક્ષે થાય છે. સ્વપ્રકાશક જ્ઞાન થયા પછી જ્ઞાન પરને જાણે તો તે દુઃખરૂપ નથી, કેમ કે એ તો પોતાની પર્યાય છે તે પરના લીધે પરપ્રકાશક નથી. જેને સ્વસત્તાનું અવલંબન આવ્યું છે તેને પરપ્રકાશકજ્ઞાન એ પોતાના જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય છે એમ જાણે છે તેથી તેને તે દુઃખરૂપ નથી. ૪૨૦.

❀ ભગવાન જ્ઞાનસ્વરૂપ છે તે પોતાને જાણે છે ને રાગાદિને સ્પર્શ્યા વિના રાગાદિના જ્ઞાનને પ્રકાશે છે—એમ પોતાની સ્વ-પરપ્રકાશકરૂપ દ્વિરૂપતાને પ્રકાશે છે, રાગાદિને પ્રકાશતા નથી. તોપણ આત્મા અને રાગની એકસાથે ઊપજવારૂપ અત્યંત નિકટતાને લીધે અનાદિથી અજ્ઞાનીને તેઓ વચ્ચે ભેદ નહીં દેખાવાથી આત્મા અને રાગમાં એકપણાનો ભ્રમ થઈ રહ્યો છે પરંતુ તે ભ્રમ આત્મા અને બંધના નિયત સ્વલક્ષણો જાણીને પ્રજ્ઞા વડે જરૂર છેદી શકાય છે. ૪૨૧.

આત્મધર્મ
ઓગસ્ટ-૨૦૦૭
અંક-૧૨ * વર્ષ-૧

Registered Regn. No. BVR-367/2006-2008
Renewed upto 31-12-2008
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## મન-વચન-કાયા ગુરુદેવની ચરણસેવામાં અર્પણ કરીએ...

પૂજ્ય ગુરુદેવે સમયસાર અદ્દ્ભુત ને અપૂર્વ રીતે સમજાવ્યું છે. એમ થઈ જાય છે કે—વાહ! ગુરુદેવ વાહ! મન-વચન-કાયા આપની ચરણસેવામાં અર્પણ કરીએ તોપણ ઓછું છે એમ આજે ભાવના થઈ જતી હતી. અહા! સમયસારમાં કોઈ અદ્દ્ભુત રહસ્ય ભર્યું છે પણ જ્ઞાન ક્રમપૂર્વક ને અધૂરું હોવાથી એક સાથે પૂરા ને પ્રગટ ઉપયોગાત્મકપણે બધાં રહસ્યો જાણી શકાતાં નથી. તેથી એવી ભાવના થઈ જાય છે કે હે પ્રભુ! કોઈ એવી શક્તિ કે પરિણમન પ્રગટો કે જેથી સર્વાંશે જ્ઞાનસ્વરૂપ પોતે જ, સહજ જ્ઞાનરૂપે, પ્રગટ ઉપયોગાત્મકરૂપે, પૂર્ણાંશે પરિણમી જાય.

*—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી*

Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor Hiralal Bhikhalal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662